અર્વાચીન ગુજરાતી કવિતામાં પુરાકલ્પનનો વિનિયોગ

(પ્રતિનિધિ કૃતિઓના વિશેષ સંદર્ભે)

ભૂમિકા :

'પુરાકલ્પન'નો ઉદ્‌ભવ માનવસંસ્કૃતિના ઉષઃકાળથી છે, એવી માન્યતા છે. ગ્રીક સાહિત્યમાં એનાં મૂળ છે. ભારતીય સાહિત્યમાં પણ એનો પ્રયોગ થતો રહ્યો છે અને ગુજરાતી સાહિત્યમાં પણ મધ્યકાળથી આરંભીને આધુનિક યુગ સુધી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં 'પુરાકલ્પન'નો પ્રયોગ થતો રહ્યો છે.

સાહિત્યને કલાત્મક બનાવવા 'રસ', 'અલંકાર', 'ધ્વનિ', 'રીતિ', 'વક્રોક્તિ', 'પ્રતીક', 'કલ્પન' જેવા સંપ્રત્યયોનો વિનિયોગ કરવામાં આવે છે. તો આ સંપ્રત્યયોની જેમ 'પુરાકલ્પન' પણ કૃતિને સુંદર બનાવનારો ઘટક છે. એનો વ્યાપ ખૂબ જ વિશાળ છે.

'પુરાકલ્પન' સંજ્ઞાનો ઉદ્‌ભવ, વિકાસ વગેરે ગ્રીક સાહિત્યમાં જોવા મળે છે. ભારતીય સાહિત્યમાં પણ એનું વિશિષ્ટ સ્થાન છે. ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં પુરાકલ્પનનો વિનિયોગ તથા અર્વાચીન ગુજરાતી કવિતામાં કવિ કાન્તથી લઈ સિતાંશુ યશશ્ચંદ્ર સુધીના કવિઓએ કેવી રીતે કૃતિમાં પુરાકલ્પનનો વિનિયોગ કર્યો છે, આ કાવ્યકૃતિઓમાં પુરાકલ્પનનું ઔચિત્ય - અનૌચિત્ય વગેરે તપાસવાનો મારો ઉપક્રમ રહ્યો છે.

આ મહાનિબંધને પાંચ પ્રકરણોમાં વિભાજિત કર્યો છે.

પ્રકરણ-૧ : પુરાકલ્પન સંજ્ઞા અને સ્વરૂપ.
પ્રકરણ-૨ : ગુજરાતી સાહિત્યમાં પુરાકલ્પનના પ્રયોગો/નિરૂપણ.
પ્રકરણ-૩ : અર્વાચીન ગુજરાતી કવિતામાં પુરાકલ્પનનો વિનિયોગ.
પ્રકરણ-૪ : પ્રસ્તુત કૃતિઓનો વિવિધ અભિગમોથી અભ્યાસ.
પ્રકરણ-૫ : ઉપસંહાર.
પરિશિષ્ટ.

પ્રકરણ - ૧

પ્રકરણ-૧ માં પુરાકલ્પનનો ઉદ્‌ભવ અને તેના પર્યાયરૂપે વપરાતી અન્ય સંજ્ઞાઓની માહિતી, પુરાકલ્પનનું ક્ષેત્ર, વિવિધ વિદ્વાનો દ્વારા અપાયેલી પુરાકલ્પનની વ્યાખ્યાઓ અને આ વ્યાખ્યાઓના આધારે પુરાકલ્પનનાં લક્ષણો, પુરાકલ્પનનો અન્ય શાસ્ત્રો સાથે સંબંધ વગેરેનો અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે.

(૧) પુરાકલ્પન : સંજ્ઞા.
(૨) પુરાકલ્પનનું ક્ષેત્ર.
(૩) પુરાકલ્પનનું સ્વરૂપ.
(૪) પુરાકલ્પનનાં લક્ષણો.
(૫) પુરાકલ્પનનો અન્ય શાસ્ત્રો સાથેનો સંબંધ

પ્રકરણ - ૨

પ્રકરણ-૨ માં ગુજરાતી સાહિત્યમાં પુરાકલ્પનનો વિનિયોગ કેવી રીતે થયો છે તેનો અભ્યાસ રજૂ કર્યો છે. આ પ્રકરણને મુખ્ય ચાર ખંડમાં વિભાજિત કર્યું છે.

(૧) કવિતામાં પુરાકલ્પનનો વિનિયોગ.

(૨) નવલકથામાં પુરાકલ્પનનો વિનિયોગ.

(૩) નાટકમાં પુરાકલ્પનનો વિનિયોગ.

(૪) ટૂંકી વાર્તામાં પુરાકલ્પનનો વિનિયોગ.

પ્રકરણ - ૩

પ્રકરણ-૩ કુલ ૨૩ વિભાગોમાં છે.

૩.૧. 'અતિજ્ઞાન 'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૨. 'વસંતવિજય'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૩. 'કુરુક્ષેત્ર'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૪. 'ઉત્તરા અને અભિમન્યુ'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૫. 'અશ્વત્થામા' (મનસુખલાલ ઝવેરી) માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૬. 'અશ્વત્થામા' (યજ્ઞેશ દવે) માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૭. 'અશ્વત્થામાની સ્વગતોક્તિ' (નલિન રાવળ) માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૮. 'મહાપ્રસ્થાન' (મનસુખલાલ ઝવેરી) માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૯. 'મહાપ્રસ્થાન' (ઉમાશંકર જોશી) માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૧૦. 'વિશ્વામિત્ર' (રસિકલાલ પરીખ) માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૧૧. 'વિશ્વામિત્ર' (પ્રજારામ રાવળ) માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૧૨. '૧૯મા દિવસનું પ્રભાત'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૧૩. 'બાહુક'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૧૪. 'શિખંડી'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૧૫. 'અંતઘડીએ અજામિલ'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૧૬. 'કુબ્જા'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૧૭. 'પ્રહ્લાદની પ્રાર્થના'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૧૮. 'મંથરા'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૧૯. 'લક્કડબજાર'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૨૦. 'જટાયુ'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૨૧. 'હનુમાનની એકોક્તિ'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૨૨. 'ઑર્ફિયસ'માં પુરાકલ્પનનો વિનિયોગ.

૩.૨૩. 'સ્વરાજરક્ષક'માં પુરાકલ્પનનો વિનિયોગ.

આ પ્રકરણમાં ઉપરોક્ત કૃતિઓમાં કવિઓએ આ કાવ્યોના સર્જન માટે 'મહાભારત', 'ભાગવત', 'રામાયણ' જેવા પુરાણોમાંની

મૂળ કથામાં કરેલા ફેરફાર તપાસી એતત્કાલીન પરિસ્થિતિના સંદર્ભે કેવી રીતે પુરાકલ્પનનો ઉપયોગ કર્યો છે, તેનો અભ્યાસ રજૂ કર્યો છે.

પ્રકરણ - ૪

આ પ્રકરણમાં પ્રકરણ-૩ ની ૨૩ કવિતાઓમાં જે વિવિધ અભિગમો રહેલા છે તે તારવ્યા છે. આ પ્રકરણમાં કુલ નવ વિભાગો છે.

૪.૧. અર્વાચીન ગુજરાતી કવિતામાં ઐતિહાસિક અભિગમ.

૪.૨. અર્વાચીન ગુજરાતી કવિતામાં મનોવૈજ્ઞાનિક અભિગમ.

૪.૩. અર્વાચીન ગુજરાતી કવિતામાં સામાજિક અભિગમ.

૪.૪. અર્વાચીન ગુજરાતી કવિતામાં ધાર્મિક અભિગમ.

૪.૫. અર્વાચીન ગુજરાતી કવિતામાં સાહિત્યિક / સર્જનાત્મક અભિગમ.

૪.૬. અર્વાચીન ગુજરાતી કવિતામાં વૈયક્તિક / ચરિત્રલક્ષી અભિગમ.

૪.૭. અર્વાચીન ગુજરાતી કવિતામાં વાસ્તવવાદી અભિગમ.

૪.૮. અર્વાચીન ગુજરાતી કવિતામાં દાર્શનિક અભિગમ.

૪.૯. પ્રસ્તુત કૃતિઓનો એતત્કાલીન પરિસ્થિતિના સંદર્ભે વિનિયોગ.

પ્રકરણ - ૫

ઉપસંહાર

આ પ્રકરણમાં શોધનિબંધના અર્કરૂપ તારણો રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. પુરાકલ્પન- સંજ્ઞા સમજવાનો પ્રયાસ કર્યા પછી એમાં રહેલ અમર્યાદ શક્યતાઓને તાગવા માટે સર્જકો કેવી મથામણ કરતા રહ્યાં છે એ સમજવાનો મારો પ્રયાસ રહ્યો છે. ગુજરાતી કવિતામાં પુરાણા કથાનકને લઈને પુનઃ સર્જન કરવાનો ચાલ તો મધ્યકાળમાં પણ જોવા મળ્યો છે. પ્રચલિત કથાઓ, સંતો કે બહાદુર વીરોની કથાઓ પ્રચલિત હોય એમાં સર્જક નવા રંગરૂપ ઉમેરીને પદમાળાઓ, આખ્યાનો, પદ્યવાર્તાઓ, દુહાઓ જેવા સ્વરૂપોમાં ખેડાણ કરતો જોવા મળ્યો છે. પરન્તુ એ પુરાકથા વિશેષરૂપે બને છે. એમાં નવું અર્થઘટન ઉમેરવાની સભાનતા જોવા મળતી નથી. હા, પ્રેમાનંદ જેવા સમર્થ કવિઓએ જૂની કથાઓમાં સમકાલીન જીવનના રંગો ઉમેરીને પોતાના સમાજને આલેખવાના પ્રયત્નો કર્યા છે, પણ વર્તમાન સંજ્ઞા પુરાકલ્પન- સુધી વિસ્તરણ થઈ શક્યું નથી. કેમકે, જૂદી જરુરીયાત અને જુદી સમજ સાથે એ રચનાઓ લખવામાં આવી છે.

ગુજરાતી કવિતાઓમાં પુરાકથાઓનો આધાર લઈને જે કાવ્યો રચાયાં તેમાંની કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓ આ મુજબ જણાઈ છે.

૧. આ કાવ્યોમાં કથા ઉમેરાવાના કારણ એ દીર્ઘ રચનાઓ બનવા જાય છે. એમાં સ્વાભાવિક જ વર્ણન અને સંવાદો પ્રવેશ્યા છે. સંવેદન વિશ્વની સાથે સાથે એક ક્રિયાત્મક વિશ્વ પણ ઊભું થતું જાય છે. જે વાચક માટે કથારસનું પાન કરાવનાર નીવડે છે.

૨. Mynth એક અર્થમાં વાર્તા છે. તે વર્ણનાત્મક અને કાવ્યાત્મક સાહિત્ય છે. પુરાકલ્પન એક વિશ્વ સાંસ્કૃતિક ઘટના છે. ચિત્ત શક્તિઓની તેમાં સંડોવણી હોય છે. પુરાકલ્પન માનવચેતનાનું એની પોતાની સંરચના, કાર્ય અને અભિવ્યક્તિવાળું, લાગણીઓ અન્વિત એક સ્વાયત્ત રૂપ છે. પુરાકલ્પનમય છે. પુરાકલ્પનમાં સત્ય, કલ્પના અને માનવીનું આંતરમર્મ હોય છે.

૩. પુરાકલ્પનો સમગ્ર માનવના અખિલ અનુભવોની અભિવ્યક્તિ હોય છે. તે માનવીય જ્ઞાનકોષનો પ્રતીકાત્મક આલેખ છે. તેનું સત્ય આત્મપરક અને મનોવૈજ્ઞાનિક હોય છે.

૪. પુરાકલ્પનનો અનેક શાસ્ત્રો સાથે સંબંધ રહેલો છે. તેનો સંબંધ મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, નૃવંશશાસ્ત્ર, ધર્મ, સાહિત્ય વગેરે સાથે રહેલો છે. પુરાકલ્પનો તેની સંસ્કૃતિની ચેતનાને પ્રગટ કરે છે.

૫. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં પણ અનેક કવિતાઓમાં પરંપરાગત રૂપે પુરાકથાનો વિનિયોગ થયેલો છે. ક્યારેક

પુરાણોમાંથી, પ્રચલિત લોકવાર્તાઓમાંથી, જૂના આખ્યાનો પરથી પણ પ્રેરણા લઇને ગુજરાતી કવિઓએ કવિતાસર્જન કર્યું છે.

૬. પુરાકલ્પનને એક પ્રયુક્તિ (ટેકનિક)ની સભાનતાથી પ્રયોજવામાં જે જે સર્જકો સફળ થયાં છે તેમની રચનાઓની વિગતે વાત અહીં કરવામાં આવી છે.

૭. લાંબાં કાવ્યો, દીર્ઘ કાવ્યો, ખંડકાવ્યો, મુક્ત પદ્યકાવ્યો, પદ્યનાટક જેવાં સ્વરૂપોમાં ગુજરાતી પુરાકલ્પન આધારિત રચનાઓ વિસ્તરતી અનુભવવા મળી. કૃષ્ણલાલ શ્રીધરાણીની અપવાદરૂપ રચના પુરાણ નહીં પણ ઇતિહાસની ઘટનાને કેન્દ્રમાં રાખી વિસ્તરેલી છે.

૮. પુરાકલ્પનની પ્રયુક્તિ જો અસરકારક રીતે ખપમાં લેવામાં આવે તો રચનાનાં પરિમાણો અનેક રીતે વિસ્તરી જતાં અનુભવાયાં છે. કાન્ત, ઉમાશંકર જોશી, ચિનુ મોદી, સિતાંશુ યશશ્ચંદ્ર, વિનોદ જોશી, યજ્ઞેશ દવે આદિની રચનાઓમાં આ રચનારીતિનો સભાન વિનિયોગ વિરલ પરિણામો આપતો જણાયો છે. એની વિગતે વાત થિસિસમાં કરવામાં આવી છે.

પુરાકલ્પન એ માત્ર સાહિત્ય જ નહીં, સાહિત્યથી ઇતર એવી ચિત્ર, સંગીત, શિલ્પ, સ્થાપત્ય, નાટક, નૃત્ય-કલાઓમાં પણ બહુ જ મહત્ત્વનો રોલ ભજવતું હોય છે- આ શોધ નિમિત્તે મિથ- ના અડાબીડ જંગલમાં ડોકિયું કરવાનો અવસર મળ્યો. મને હતું કે કશુંક

સ્પષ્ટ થવાશે, પણ લાગે છે કે જ્ઞાન મેળવવાની આ મથામણ ખરેખર તો અજ્ઞાનનો વિસ્તાર કેટલો મોટો વ્યાપક છે- એની પ્રતીતિ કરાવે છે, મિથ- કે પુરાકલ્પન નામે ઓળખાતી આ સંજ્ઞાનાં સ્તરો એટલાં તો સંકુલ થતાં દેખાયા છે કે મતિ મૂંઝાઇ જાય. જીવનમાં આ માનવજીવનનો વારસો ક્યાં ક્યાં કેવા કેવા રૂપે ગૂંચવાતો ચાલ્યો આવતો હોય છે એ આ ક્ષણે સમજાય છે, એક શબ્દ પણ એનો દીર્ઘ વારસો અને સાથે સાથે અર્થોના પ્રલંબ સ્તરો સાથે વિસ્તરતો અનુભવીને સાનંદ આશ્ચર્ય અનુભવું છું. આ તો એક નાનકડો મુકામ છે... કદાચ, નવા નવા પડાવો હવે પછી જ આવવાના છે. મારી શોધ-ઝંખના ખીલવાની કદાચ આ એક શરુઆત છે. આનંદ છે આ વાત સમજાયાનો. અસ્તુ.

- - - X - - -

સંદર્ભસૂચિ :

મારા સંશોધન કાર્યમાં સહાયરૂપ નિવડેલા ગ્રંથો, કવિઓની રચનાઓના મૂળ ગ્રંથો, અન્ય સંશોધકોના ગ્રંથો અને વિદ્વાનો દ્વારા કરાયેલ વિવેચનગ્રંથોની વિગતસભર સૂચિ નિયમાનુસાર પ્રકરણના અંત ભાગે પાદટીપ અને શોધ પ્રબંધના અંતે સંદર્ભસૂચિ વિગતે મૂકવામાં આવી છે.

પરિશિષ્ટ :

પરિશિષ્ટ-૧. આ પરિશિષ્ટમાં પસંદ કરાયેલ કાવ્યોના સર્જકોના જીવન અને સર્જનની ટૂંકી પરિચયાત્મક નોંધ રજૂ કરવામાં આવી છે.

તારીખ : ૧૦-૦૩-૨૦૧૪

સ્થળ : વલસાડ.

ડૉ. નરેશ શુકલ **પ્રા. જશુ પટેલ**

ગુજરાતી વિભાગ

શર્વાણીબહેન અશોકભાઈ પટેલ

શોધાર્થી